જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૪/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૮૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૬૩ વ્યક્તિઓને ઝડપી, ૧૯૦ લીટર દેશી દારૂ, ૧૬૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૧૧૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૩૮૮ બિયર ટીન, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૮૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૫૮૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૫૮૩/૨૦૨૬**

સેટેલાઈટઃ રોહીતભાઇ દિલીપભાઇ વછેટા (ઉ.વ.૩૬)(રહે.ન્યુ મનોરથ સોસાયટી નવરોજી હોલ પાસે ડફનાળા રોડ શાહીબાગ) એ તા.૨૪/૦૪/૨૦૨૬ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ઓગષ્ટ/૨૦૨૫ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઈટ શિવરંજની આઇ.ઓ.સી પેટ્રોલ પંપ પાસે એમરલ્ડ હિમાલયા, એક્સીસ બેંકની ઉપર ઓફીસ નંબર–૩૦૨ "કે.સી.હોલીડેઝ" ખાતે આરોપી કિરણ ચન્દ્રકાંત ચૌહાણ (કે.સી.હોલી ડેઝ ગ્રુપ ઓફ કે.સી મેનેજમેન્ટ નામની કંપનીના માલીક) તથા પારૂલબેન વા/ઓ કિરણભાઈ ચૌહાણ તથા કર્મચારી વિવેકભાઇ નાઓએ ભેગામળી વિઝા તથા ટીકીટ અને જમવા અને રહેવાની સ્કીમના નામે રોહીતભાઇ વછેટા પાસેથી ઓનલાઇન રૂપિયા ૧,૧૦,૨૫૦/– તથા રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/– મેળવી લઇ તેમજ અન્ય સાહેદ (૧) રવીભાઇ દિલીપભાઇ વછેટા નાઓની ૪ ટીકીટના રૂપિયા ૩,૨૦,૫૦૦ (૨) કૃણાલભાઇ વિષ્ણૂભા વછેટા નાઓની ૩ ટીકીટના રૂપિયા ૨,૪૦,૩૭૫/– અને (૩)નરેશભાઇ બાબુલાલ વછેટા નાઓની ૨ ટીકીટના રૂપિયા ૨,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૯,૭૧,૧૨૫/– રોકડ તેમજ ઓનલાઈન મેળવી લઇ ટીકીટ તથા વીઝા નહી આપી તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વાય.એસ.ચુડાસમા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૫૮૪/૨૦૨૬**

આનંદનગરઃ પ્રત્યુષભાઇ જીગરભાઇ મહેતા (ઉ.વ.૨૭)(રહે.મલ્હાર બંગ્લોઝ સેલ પેટ્રોલ પંપ પ્રહલાદનગર આનંદનગર) એ તા.૨૪/૦૪/૨૦૨૬ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૪/૨૦૨૬ સવારના ૯/૦૦ થી તા.૧૭/૦૪/૨૦૨૬ રાતના ૯/૦૦ વાગ્યા દરમ્યાન પ્રત્યુષભાઇના ઘરે ઘરઘાટી તરીકે કામ કરતા વિક્રમસિંહ ઉર્ફે કર્ણ નાહરસિંહ (રહે. ફોરેસ્ટ ચોકી લીમ્બોડ બડી તા–સાગવાડા જીલ્લો–ડુંગરપુર રાજસ્થાન) એ ઘરના બેઠક રૂમમા રાખેલ લાકડાના કબાટનુ હેન્ડલ તોડી, કબાટમાંથી ચાંદીના બીસ્કીટ નંગ–૦૨ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/– ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.પાંડોર ચલાવે છે.

ટ્રેઇનની અડફેટે આવી જતાં મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૫૮૫/૨૦૨૬**

સેટેલાઇટઃ દિનેશભાઈ ખેંગારભાઈ દેસાઈ (ઉ.વ.૫૦)(રહે.૨બારીવાસ, મેલડીનગર, વસ્ત્રાપુર રેલ્વે સ્ટેશન પાસે, વેજલપુર) તા.૨૪/૦૪/૨૦૨૬ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે મેટ્રો સ્ટેશન નંબર–૬ જીવરાજ મહેતા માર્ગ સરખેજ ખાતે રેલવે ટ્રેક ઉપર ટ્રેઇનની હડફેટે આવી જતા શરીરે ગંભીર ઈજા થતાં સારવાર અર્થે તેમને અસારવા સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા સવારના ૮/૩૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સેટેલાઇટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમિતસિંહ લક્ષ્મણસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૫૮૬/૨૦૨૬**

વેજલપુરઃ ઉરવીબહેન વા/ઓ શ્રેયાંકભાઈ ઠાકોર (ઉ.વ.૨૮)(રહે.આસ્થા હોમ, સ્વામીનારાયણ પાર્ક–૪ સામે ન્યુ વાસણા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૪/૨૦૨૬ સાંજના ૭/૦૫ વાગ્યા પહેલા વેજલપુર શાંતીનાથ એપાર્ટમેન્ટ ખાતે આવેલ પોતાના પિતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.બોરખતરિયા ચલાવે છે.

અમરાઈવાડીઃ નિરજભાઇ ઉર્ફે નિતુ ઉર્ફે જીતુ સ/ઓ શિવકુમાર સકશેના (ઉ.વ.૩૨)(રહે.કર્ણાટકનગરની ચાલી સંજયચોક અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૪/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના લોખંડના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી માનસિંહ અભેસિંહ ચલાવે છે.

રામોલઃ રસીકભાઇ ભગાભાઇ પુનડીયા (ઉ.વ.૨૮)(રહે.નર્મદા એપાર્ટમેન્ટ, રીલાયન્સ પેટ્રોલપંપ પાછળ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૪/૨૦૨૬ સવારના ૭/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે પોતાની જાતે ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને હેલ્થવન હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પર ના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અશ્વિનભાઇ જગજીવનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી